**DATE: 14/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### દિલ્હીમાંથી પકડાયેલું અત્યાર સુધીનું સૌથી જંગી 770 કિલો ડ્રગ્સ ગુજરાતમાં બન્યું હતું

# અંકલેશ્વરની આવકાર ડ્રગ્સમાંથી કોકેઈન અને ડ્રગ્સ બનાવવાનું 518 કિલો મટિરિયલ મળ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ/અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી આવકાર ડ્રગ્સ કંપનીમાંથી દિલ્હી અને ભરૂચ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં 518 કિલો સોલ્ટ ફોર્મમાં કોકેઈન અને મેથનો જથ્થો મળી આવ્યો છે. કંપનીમાંથી જપ્ત કરાયેલા રો મટીરીયલમાંથી કોકેઈન અને મેથ એમ બંને પ્રકારના ડ્રગ્સ બનાવી શકાય છે. પોલીસે કંપનીના ડિરેક્ટર અશ્વિન રામાણી, બ્રિજેશ કોઠિયા અને વિજય ભેંસાણીયા સહિત 5 આરોપી સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ કંપની 2016માં કાર્યરત થઈ હતી અને તે ઈન્ટરમીડીએટ ડ્રગ્સ બનાવવાનું કામ ...અનુસંધાન પાના નં.4



અંકલેશ્વર GIDCમાં મોડી રવિવારે રાત સુધી કાર્યવાહી ચાલી હતી.

## ડ્રગ્સકાંડની આખી ઘટના શી છે?

1 ઓક્ટોબરે દિલ્હી પોલીસે મહિપાલપુરમાંથી 562 કિલો કોકેઈન અને 40 કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો હતો. આ પછી, 10 ઓક્ટોબરે તપાસ દરમિયાન આ જ કેસમાં દિલ્હીના રમેશ નગરમાં એક ...અનુસંધાન પાના નં.4

## ભાસ્કર Insight

### ડ્રગમાફિયાઓનો નવો કારસો : જોબ વર્કથી ડ્રગ્સનું ઉત્પાદન કરે છે

અંકલેશ્વર | અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ કંપનીના માલિક અશ્વિનભાઈ નામની વ્યક્તિ હોવાની માહિતી સૂત્રોમાંથી મળી છે. કંપનીમાં જીવનરક્ષક દવાઓ બનાવવા માટે ઈન્ટરમીડીએટ પ્રકારના કેમિકલ બનાવવામાં આવતાં હતાં. દિલ્હીના ડ્રગ્સ કેસમાં ત્યાંથી મળેલું 518 કિલો કોકેઈન અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ કંપનીમાં બન્યું હોવાનો ચોંકાવનારો ...અનુસંધાન પાના નં.4

**DATE: 14/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# બાવળમાં સંતાડેલાં દારૂ સાથે એક ઝબ્બે

ભરૂચ । ભોલાવ વિસ્તારમાં આવેલી જલધારા સોસાયટીમાં રહેતો ઉમેશ ઉર્ફે કુપેશ શંકર કહાર તેના ઘર પાસે આવેલાં બાવળની ઝાડીમાં વિદેશીદારૂ સંતાડી વેચાણ કરે છે તેવી ચોક્કસ બાતમીના આધારે સી ડિવિઝન પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે બાવળિયામાં સંતાડેલી વિદેશીદારૂની બોટલો જપ્ત કરી તે અંગે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, શહેરના ધોળીકૂઈ ખત્રીવાડ વિસ્તારનો જીતુ ખત્રી પાસેથી તે વેચાણના ઈરાદે લાવ્યો હતો. પોલીસે જીતુ ખત્રીને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 15/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂના કેસમાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

તારીખ 6 ઠ્ઠી ડીસેમ્બર 2023ના પોલીસે નર્મદા ગેટ હોટલ પાસે વોચ ગોઠવી ટેમ્પામાંથી 4.40 લાખનો દારૂ ઝડપી પાડયો હતો. જે તે સમયે ટેમ્પાના ડ્રાઈવર સહિત બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં નાસતા ફરતાં ખંભાતના આસીફ વ્હોરાને શોધવાની કવાયત હતી.અરસામાં તે આણંદમાં પકડાતાં અંકલેશ્વર પોલીસે આણંદ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે. આરોપી અત્યાર સુધી કયાં છુપાયો હતો સહિતની વિગતો મેળવવાની પુછપરછ કરી છે.

**DATE: 15/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

સાવધાની | ભાડૂઆત અંગે નોંધણી નહીં કરાવી જાહેરનામાનો ભંગ કરવા સબબ ગુના નોંધ્યાં

# જિલ્લામાં 4 કલાકમાં 101 મકાનમાલિકો સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં તમામ પોલીસમથકોમાં ભાડૂઆત નોંધણી જાહેરનામાં ભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરાઈ હતી. ટીમોએ માત્ર 4 કલાકમાં જ 101 કેસ કર્યાં હતાં.

આગામી દિવસોમાં આવી રહેલા દિવાળીનાં તહેવાર અનુસંધાને જિલ્લામાં કોઈ ગંભીર પ્રકારના બનાવો ન બને જે તકેદારીના ભાગરૂપે ભરૂચ જિલ્લા એપસી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ભરૂચ એસઓજીની ટીમે જિલ્લાના તમામ પોલીસ મથકના સ્ટાફ સાથે વિસ્તારોમાં સાંજના 4થી રાત્રીના 8 વાગ્યા સુધી મકાન ભાડુઆત ચેકીંગ કામગીરી હાથ ધરી માલીકોએ ભાડા કરાર નોંધણી ન કરવાવાળા સામે જાહેરનામાના 101 ગુનાઓ નોંધ્યા હતાં.

જેમાં સૌથી વધુ દહેજ પોલીસ મથક વિસ્તારમાં 12 કેસો નોંધાયા હતા. જ્યારે ભરૂચ એ ડીવીઝનમાં 05, બી ડીવીઝનમાં 06,વાગરામાં 10,અંકલેશ્વર એ ડીવીઝનમાં 06, બી ડીવીઝનમાં 09, અંકલેશ્વર રૂરલમાં 07, પાનોલી જીઆઈડીસીમાં 10, અંકલેશ્વર જીઆઈડીસીમાં 11, ઝઘડિયા 03, ઝઘડિયા જીઆઈડીસીમાં 05, રાજપારડીમાં 03, ઉમલ્લામાં 02 ,વાલીયામાં 01,નેત્રંગમાં 01 અને SOG પોલીસે 10 ગુનાઓ નોધ્યા હતા.તહેવારોના સમયમાં પોલીસ દ્વારા કરાઈ રહેલા આકસ્મિક તપાસમાં ગુનેગાર સહિતના લોકોમાં ફફડાટ ફેલાય ગયો છે.

એસઓજી પીઆઈ એ. એ. ચૌધરીએ જણાવ્યું હતું કે, આગામી 15 દિવસ સુધી ઝૂંબેશ ચાલશે. ભાડૂઆતોની નોંધણી નહીં કરાવનારા મકાન માલિકોએ સત્વરે નજીકના પોલીસ મથકે તેમના ભાડૂઆતો અંગે નોંધણી કરવામાં આવે તે હિતાવહ છે.



### શખ્સનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કર્યું

# પતિના નામે મહિલાને વીડિયો-મેસેજ કરનાર ગઠિયો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક શખ્સનો સોશિયલ મીડિયાનું એકાઉન્ટ હેક કરી તેની પત્નીને નગમે તેવા વિડીયોકોલ-મેસેજ કરી હેરાનગતિ કરનાર ચાવજના યુવાનને ભરૂચ સાયબર સેલની ટીમે ઝડપી પાડ્યો છે.

ભરૂચ શહેરના એક વિસ્તારમાં રહેતાં શખ્સને તેના પત્ની સાથે અણબનાવ થતાં મામલો છૂટાછેડા સુધી પહોંચી હતી. દરમિયાનમાં કોઈ ગઠિયાએ શખ્સના સોશિયલ એકાઉન્ટનો પાસવર્ડ કોઈ રીતે મેળવી લઈ તેના આધારે તેનું એકાઉન્ટ હેક કરી લીધું હતું. જે બાદ તેણે તેના મેસેજો વાંચતાં તેની પત્ની સાથે તેને અણબનાવ હોવાનું માલુમ પડતાં તેણે તે એકાઉન્ટથી શખ્સની પત્નીને મેસેજો કરવાનું શરૂ કર્યું હતું. અને તેને હેરાન પરેશાન કરતો હતો. ઘટનામાં શખ્સે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવતાં ટીમે ગુનો નોંધી ચાવજના પ્રજાપતિ ફળિયાના પિયુષ પ્રવિણ પ્રજાપતિ નામના શખ્સની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 16/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ અંક્લેશ્વરમાં મહિલાઓને નિશાન બનાવી ચેઇન આંચકી હતી

# ભરૂચમાં ચેઈન સ્નેચિંગ કરતાં સુરતના બે જણા સહિત ત્રણ ગઠિયા ઝડપાયા



ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં છેલ્લાં કેટલાંક સમયથી ચેઈન સ્નેચિંગની ઘટનાઓ બની રહી હોય એલસીબીના પીઆઈ એમ. પી. વાળાએ તેમની ટીમને આરોપીઓને શોધવા માટે જરૂરી સુચનો આપ્યાં હતાં. જેના પગલે ટીમે તેમની સૂચનાના આધારે જિલ્લાના અનડિટેક્ટ ઘરફોડ તેમજ ચેઈન સ્નેચિંગના ગુનાઓના સ્થળોની મુલાકાત લીધી હતી. ટીમે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતીનો તાગ મેળવી આસપાસના વિસ્તારમાં લાગેલાં સીસીટીવી ફૂટેજો મેળવી તેનું એનાલીસીસ શરૂ કર્યું હતું. બીજી તરફ ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીઓના સગડ મેળવવાની કવાયત હાથ ધરી હતી. દરમિયાનમાં એલસીબીના પીએસઆઈ આર. કે. ટોરાણી અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચ એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં થયેલી ચેઈન સ્નેચિંગની ઘટનામાં સુરતના ઓલપાડ તાલુકાના સાયણ ખાતે રહેતો ધવલ દિનેશ પારેખ અને ચોર્યાસી તાલુકાના ભરથાણા ગામનો કાન્હુચરણ ઘનશ્યામ બધેઈની સંડોવણી છે. તેમજ તેઓ હાલમાં તેમના ઘરે જ છે. જેના પગલે તેમને તુરંત તેમના ઘરે પહોંચી બન્નેને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પુછપરછ કરતાં પહેલાં તેમણે ગલ્લાતલ્લા કર્યાં હતાં. જોકે, આખરે એલસીબીની ટીમે તેમની ઉલટપુછપરછ કરતાં તેમણે ચોરી કબુલાત કરતાં બન્નેને ઝડપી પાડી ભરૂચ લઈ આવ્યાં હતાં. જ્યાં તેમણે કબુલ્યું હતું કે, તેઓ ચોરીના દાગીના અમદાવાદ ખાતે રહેતાં તેના મિત્ર મનિષ સતાણીને વેચાણે આપતો હતો. તેમણે ભરૂચમાં એ અને સી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં તેમજ અંક્લેશ્વર એ ડિવિઝન વિસ્તારમાં ચેઈન સ્નેચિંગ કરી હોવાની કબુલાત કરી હતી.

## ધવલ સામે સુરત પંથકમાં 13 જેટલાં ગુના નોંધાયાં

ચેઈન સ્નેચિંગના ગુનામાં એલસીબીની ટીમે ઝડપી પાડેલાં ધવલ પારેખની પુછપછરમાં માલુમ પડ્યું હતું કે, તેની સામે સુરત રેલવે પોલીસ સ્ટેશન વિસ્તારમાં 3, અડાજણમાં 5 તેમજ વરાછા, રાંદેર, અઠવાલાઈન્સ, પલસાણા તેમજ ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક એક કેસ નોંધાયાં હતાં.

## પકડાઈ ન જવા માટે બાઈકની નંબર પ્લેટ કાઢી નાંખતાં

એલસીબીની ટીમે ધવલ પારેખ અને કાન્હુચરણ બધેઈની ધરપકડ થતાં ધવલે જણાવ્યું હતું કે, તે અને કાન્હુચરણ તેની બાઈક લઈને ભરૂચ-અંક્લેશ્વરમાં આવતાં હતાં. તેઓ પકડાઈ ન જાય તે માટે તેઓ બાઈકનો નંબર પ્લેટ કાઢી નાંખતાં હતાં. જે બાદ તેઓ અલગ અલગ વિસ્તારમાં ઓછી અવરજવરવાળી જગ્યાએ જઈ રસ્તા પર ચાલતી જતી મહિલાઓને ટાર્ગેટ કરી તેમનો અછોડો તોડી ભાગી જતાં હતાં.

**DATE: 16/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ઝઘડિયા તાલુકામાં મકાન ભાડે આપીને

# પોલીસમાં નોંધણી નહિ કરાવનાર કુલ ૧૬ મકાન માલિકો વિરૂધ્ધ ગુના નોંધાયા

ઝઘડિયા તા ૧૫

ઝઘડિયા તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી પોલીસે મકાન ભાડે આપી પોલીસ મથકમાં નોંધણી નહિ કરાવેલા કુલ ૧૬ મકાન માલિકો વિરૂધ્ધ જાહેરનામા ભંગના ગુના દાખલ કર્યા હતા.

## જીઆઈડીસી પોલીસે ૮ ,ઝઘડિયા પોલીસે ૪ અને રાજપારડી પોલીસે ૪ મકાન માલિકો વિરૂધ્ધ જાહેરનામા ભંગના ગુના દાખલ કર્યો

બહારના રાજ્યોમાંથી આવતા કેટલાક અસામાજિક તત્વો અન્ય મકાનમાલિકોના મકાનો ભાડે રાખીને રહેતા હોય છે. તેથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પડાયેલા જાહેરનામા મુજબ મકાન માલિકોએ પોતાના મકાનો પર પ્રાંતિય ઇસમોને ભાડે આપતા સમયે સ્થાનિક પોલીસમાં તેની નોંધ કરાવવાની હોય છે.ઝઘડિયા તાલુકામાં પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ તપાસ કરી જાહેરનામા ભંગ હેઠળ કુલ ૧૬ મકાન માલિકો વિરૂધ્ધ ગુના દાખલ કર્યા હતા.ઝઘડિયા જીઆઈડીસી પોલીસે મકાન ભાડુઆત સંદર્ભે કુલ ૮ મકાન માલિકો વિરૂધ્ધ જાહેરનામા ભંગ હેઠળ ગુના દાખલ કર્યા હતા.જે મુજબ દધેડા ગામે મકાન માલિક સાબિરભાઇ રહે.કોસંબા જિ.સુરતના વિરૂધ્ધ જાહેરનામા ભંગના બે ગુના, દધેડા ગામે દલસુખ ચિમન વસાવા રહે.દધેડા તા. ઝઘડિયા, દધેડા ગામે નુરુલ જાકીર પટેલ રહે.ગામ દધેડા તા.ઝઘડિયા, દધેડા ગામે ભવન કરશનભાઇ પરમાર રહે.દધેડા તા.ઝઘડિયા,દધેડા ગામે કમલેશ વસાવા રહે.દધેડા તા. ઝઘડિયા,દધેડા ગામે મનુબેન વસાવા દધેડા તા.ઝઘડિયા,દધેડા ગામે અનિલ વસાવા દધેડા તા.ઝઘડિયાના જ્યારે ઝઘડિયા પોલીસે મકાન ભાડુઆત સંબંધી કુલ ૪ મકાન માલિકો વિરૂધ્ધ ગુના દાખલ કર્યા હતા. ઝઘડિયા સુલતાનપુરા ખાતે સમીમ મન્સુરી રહે. સુલતાનપુરા તા.ઝઘડિયા, ફુલવાડી ગામે જયવંતી વસાવા રહે.ફુલવાડી તા.ઝઘડિયા,ફુલવાડી ગામે સવિતા વસાવા રહે.ફુલવાડી તા.ઝઘડિયા,ફુલવાડી ગામે

(અનુસંધાન બીજા પાને)

**DATE: 17/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેક્શન : ચોરોની અફવાથી દૂર રહો

# નિર્દોષોને મારશો તો ગુનો નોંધીશું : એસપી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં ચોર આવતાં હોવાની અફવાના લીધે લોકો ઉજાગરા કરી રહયાં છે. ચોરની શંકાએ નિર્દોષ લોકોને માર મારવામાં આવી રહયો છે.

અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સપેકશન માટે આવેલાં એસપી મયુર ચાવડાએ કહયું હતું કે, ચોરોની અફવાઓથી દુર રહો અને નિર્દોષ લોકોને માર મારનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. વાર્ષિક ઈન્સ્પેકશનદરમિયાન ભરૂચ જિલ્લા એસપીએ ગ્રામજનો અને આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે અરજદાર અને પોલીસ માટે ઉભી કરવામાં આવેલ લાયબ્રેરી મુલાકાત લીધી હતી. પોલીસ સ્ટેશનમાં પહેલી વાર ચાઈલ્ડ ફ્રેન્ડલી કોર્નર નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. લોકોએ ચોરોનીઅફવાનાકારણે થતી સમસ્યા અને ટ્રાફિકજામ બાબતે એસપીને રજૂઆત કરાઈ હતી. એસપીએ અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી. જો ખરેખર ચોર અંગેની જાણ થાય



તો પોલીસને જાણ કરવા જણાવ્યું હતું તેમજ કાયદો હાથમાં ના લેવા તાકીદ કરી હતી, જો થશે તોગુનો દાખલ કરવામાં આવશે. ભાડુઆત અંગે જરૂરી પોલીસ વેરિફિકેશનકરાવી લેવા પણ સ્પષ્ટ સૂચના આપી હતી.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વર પોલીસ તંત્ર દ્વારા સઘન વાહન ચેકિંની કામગીરી હાથ ધરાઈ

અંકલેશ્વર તા. ૧૭

આગામી દિવાળી પર્વને ધ્યાને રાખી અંકલેશ્વર પોલીસ તંત્ર દ્વારા સઘન વાહન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તહેવારમાં ગેરકાયદે દારૂ સહિત અન્ય પ્રતિબંધિત ચીજ વસ્તુઓની હેરાફેરી અટકાવવા તેમજ ગુનાહિત તત્વોને જબ્બે કરવા અંકલેશ્વર પોલીસ દ્વારા સઘન વાહન ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.ભરૂચ જીલ્લામાં વિદેશી દારૂની રેલમછેલ અને અન્ય ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવ માટે તહેવારોના સમયે અંકલેશ્વર-વાલિયા રોડ પર ટેન્કર ગેટ પાસે પોલીસ વિભાગ દ્વારા વાહન ચેકીંગ હાથ ધર્યુ હતુ.પોલીસે માર્ગ ઉપરથી પસાર થતા શંકાસ્પદ વાહનો ચેક કર્યા હતા.જો કે પોલીસની તપાસમાં કઈપણ શંકાસ્પદ જણાઈ આવ્યુ ન હતુ.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આમોદની રેવા સુગરમાંથી 2006માં ભંગાર ચોરી કરી હતી, મુસ્લિમ વિધવા સાથે લગ્ન કર્યાં

# અરવિંદ જબુથી કલ્લુ કુરેશી બની 18 વર્ષથી પોલીસને ચકમો આપનાર આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદની રેવા સુગર કંપનીમાં 18 વર્ષ પહેલાં ભંગાર ચોરી કરવાના કેસમાં વોન્ટેડ આરોપીએ ધર્મ પરિવર્તન કરી 15 વર્ષથી મુસ્લીમ બની રહેતો હતો. દરમિયાનમાં ભરૂચ એલસીબીની ટીમે તેને સુરતના માંગરોલ તાલુકામાં આવેલી પાલોદ ચોકડી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.



આમોદ તાલુકામાં આવેલી રેવા સુગર કંપનીમાં વર્ષ 2006માં 21મી ડિસેમ્બરે તસ્કર ટોળકીએ ભંગાર ચોરી કરી હતી. પોલીસ તપાસમાં ચોરીના કારસામાં કુલ 6 આરોપીઓની સંડોવણી બહાર આવતાં ટીમે જે તે સમયે તે પૈકીના 5 આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે અરવિંદ જબુ ગૌતમ નામનો એક આરોપી વોન્ટેડ હતો. પોલીસે તેને શોધવા માટે તમામ પાસાઓ તપાસ્યાં પરંતુ કોઈ સગડ મળ્યાં ન હતાં. જોકે, ઘટનાના 18 વર્ષ બાદ ભરૂચ એલસીબીને તેને ઝડપી પાડવામાં સફળતાં મળી છે. ભંગાર ચોરીના કેસમાં વોન્ટેડ મુળ યુપતિના અને હાલમાં સુરતના માંગરોલ તાલુકામાં આવેલી પાલોદ ચોકડી વિસ્તારમાં રહેતાં અરવિંદ ગૌતમે પોલીસ બચવા માટે 15 વર્ષ પહેલાં જ પોતાનું ધર્મ પરિવર્તન કરાવી લીધું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ટીમે તેને ઝડપી પાડી તેના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# અંકલેશ્વરની હવા મહેલ રોશની સોસાયટી પાસે કેબિનમાં ગૌમાંસનું વેચાણ, એકની અટકાયત

**વેટરિનરી** તબીબે શંકાસ્પદ ગૌમાંસનાં સેમ્પલ લીધાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે હવા મહેલ રોશની સોસાયટી પાસે કેબિનમાં ગૌમાંસનું વેચાણ કરતા એક ઈસમને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, હવા મહેલ રોશની સોસાયટી પાસે કેબિનમાં રફીક ફકીર મોહમંદ કુરેશી ગૌમાંસનું વેચાણ કરે છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી અઢી કિલોથી વધુ માંસ પકડી પાડી ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતો ખાટકી રફીક ફકીર મોહમંદ કુરેશીની પૂછપરછ કરતાં તે ગૌમાંસ હોવાનું જણાવ્યું હતું. પોલીસે અંકલેશ્વરના વેટરિનરી તબીબ મારફતે શંકાસ્પદ ગૌમાંસનાં સેમ્પલ લઈ એફ.એસ.એલ. માટે મોકલી આપ્યાં હતાં. જે બાદ આ શંકાસ્પદ માંસ ગૌમાંસ હોવાનો રિપોર્ટ આવતાં પોલીસે ગૌમાંસનું વેચાણ કરતા ઈસમને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ફરજ પરના ટ્રાફિક પોલીસના જવાનોએ મદદ કરી

# ભરૂચમાં ગરમીથી બે વ્યક્તિઓ ઢળતાં સારવાર માટે ખસેડાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહયો છે. દિવસ દરમિયાન ઉનાળાની માફક અસહય ગરમી પડી રહી છે અને તાપમાનનો પારો 32 ડીગ્રી સુધી પહોંચી ગયો છે. ગરમીના કારણે શહેરમાં બે વ્યકિતઓ ચકકર ખાઈને પડી ગયાં હોવાની ઘટના સામે આવી છે. પાંચબત્તી વિસ્તારમાંથી સરાફહુસેન સૈયદ નામનો યુવાન પસાર થઈ રહયો હતો અને અચાનક ચકકર આવતાં તે પડી ગયો હતો. ચોકી પર હાજર રહેલાં પોલીસ જવાનો તરત દોડી ગયાં હતાં અને તેને 108 મારફતે સિવિલમાં સારવાર માટે ખસેડી આપ્યો હતો. બીજા બનાવમાં તુલસીધામ વિસ્તારમાં એક વ્યકતિ અચાનક બેભાન થઈને પડી ગયો હતો. ટ્રાફિક પોલીસે 108ને બોલાવી તેને સ્થળ પર પ્રાથમિક સારવાર અપાવી હતી અને વધુ સારવાર માટે હોસ્પિટલ માટે રવાના કરી આપ્યો હતો. હાલ ગરમી વધારે પડી રહી હોવાના કારણે લોકોને સ્વાસ્થય સંબંધી સલામતીના પગલાં ભરવા પોલીસે અપીલ કરી છે.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયા જીઆઇડીસીમાં ચેકિંગ હાથ ધરાયું

# ભાડુઆતોની નોંધણી નહીં કરાવનાર 9 માલિક સામે પગલાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

વડોદરાના ભાયલીમાં સગીરા પર થયેલાં ગેંગરેપની ઘટના બાદ રાજ્યભરમાં મકાનો ભાડે આપનારાઓ સામે ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. ડીવાયએસપી શ્રીજીતા પટેલના માર્ગદર્શન હેઠળ જીઆઈડીસી પોલીસે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી.

જેમાં કેટલાક દુકાન મકાન માલિકોએ પોલીસ નોંધણી વિના અન્યને મકાન દુકાન ભાડે આપેલ હોવાનું જણાયું હતું. આવા 9 મકાન માલિકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે. દધેડા ગામે સોમી વસાવા, સોમા વસાવા, નારાયણ વસાવા રંદેડી ગામે ભારમલ વસાવા અને ઉમેશ લખાણી,,લિમેટ ગામે સોમી બાબુ વસાવા, સુભાષ મોદી, સુકલીબેન વસાવા, સેલોદ ગામમાં અરવિંદ પટેલ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલી કંપનીઓમાં કામ કરતાં શ્રમિકો આસપાસના ગામોમાં મકાનો ભાડે રાખી વસવાટ કરે છે.

**DATE: 18/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જિલ્લામાં રોજના સરેરાશ 100 કરતા વધારે મકાનોની તપાસ કરાઇ છે

# ભરૂચમાં 6 દિવસથી મકાન માલિકો પર તવાઈ, 516 કેસ કરવામાં આવ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ પોલીસની 6 દિવસની સ્પેશિયલ ડ્રાઇવમાં જાહેરનામા ભંગના કુલ 516 કેસ કરાયા છે. ઘર અને દુકાન ભાડે આપી ને ભાડા કરારની નોંધણી ન કરનાર સામે કડક કાર્યવાહી શરુ કરી છે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ ટીમ બનાવી તપાસ કરવામાં આવી રહી છે. રોજના સરેરાશ 100 કરતાં વધારે મકાનોની તપાસ કરવામાં આવી રહી છે.

ઘર ભાડે આપતા મકાન માલિકને ભાડા કરારની નોંધણી પોલીસ સ્ટેશનમાં કરાવવી જરૂરી છ,પરંતુ તેમ છતાં કેટલાક મકાન માલિકો આ બાબતે લાપરવાહ રહીને ભાડા કરારની નોંધણી કરાવી નથી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં 6 દિવસ સ્પેશિયલ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી જેમાં પોલીસે મકાન અને દુકાન માલિક વિરુદ્ધ જાહેરનામા ભંગના કુલ 516 કેસ કર્યા છે.આવનારા દિવસોમાં પણ પોલીસ દ્વારા આ પ્રકારની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. તેમ ડી.વાય.એસ.પી ડૉ. કૌશલ ઓઝા એ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વડોદરાના ભાયલીમાં સગીરા પર ગેંગરેપ થયો હતો અને તેમાં આરોપીઓ ભાડાના મકાનમાં રહેતાં પરપ્રાંતીયો નીકળ્યાં હતાં. આ ઘટના બાદથી રાજયભરમાં ભાડાના મકાનોમાં રહેતાં લોકોની ઘનિષ્ઠ તપાસ કરવામાં આવી રહી છે.

### પોલીસનું બે દિવસથી ચાલી રહેલું સાગર કવચ ઓપરેશન

# ભરૂચના દરિયા કિનારાના તીર્થસ્થાનો અને જેટીઓ પર સુરક્ષાની ચકાસણી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લો 122 કીમી લાંબો દરિયાકિનારો ધરાવે છે અને તેમાં દહેજ ખાતે ચારથી વધારે ખાનગી જેટીઓ તથા અનેક ઉદ્યોગો આવેલાં છે. કંબોઈ તીર્થસ્થાન ખાતે પણ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતાં હોવાને કારણે જિલ્લાનો દરિયાકાંઠો સલામતી અને સુરક્ષાની દ્રષ્ટિએ ઘણો મહત્વનો માનવામાં આવે છે. ગુજરાતની દરિયાઈ તથા જમીની સરહદો પાકિસ્તાન સાથે જોડાયેલી હોવાથી પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક રહેતી હોય છે. રાજયના 1600 કીમી લાંબા દરિયામાં થતી ગેરકાયદે પ્રવૃતિઓ તથા ઘુસણખોરી સહિતના બનાવો અટકાવવા માટે પોલીસ અને એજન્સીઓની સતર્કતા ચકાસવા ઓપરેશન સાગર કવચ શરૂ કરવામાં આવ્યું છે. બે દિવસથી દરિયા વિસ્તારમાં શંકાસ્પદ બોટની ગતિવિધી હોવાના ઈનપૂટના આધારે ભરૂચ જિલ્લામાં એસઓજીની ટીમ સાથે જિલ્લાની દરિયા કિનારેની પોલીસ સતર્ક બની હતી.

જંબુસર, કાવી, વેડચ, હાંસોટ, દહેજ, વાગરા, દહેજ મરીન તથા એસઓજીના પોલીસ કર્મચારીઓની વિવિધ ટીમો બનાવીને 122 કીમી લાંબા દરિયાકાંઠા પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જેમાં 1 ડીવાયએસપી, 12 પીઆઈ, 16 પીએસઆઈ, 19 એએસઆઈ, 37 હેડ કોન્સ્ટેબલ, 150 કોન્સ્ટેબલ મળી કુલ 245 પોલીસ કર્મયઓએ દરિયાકાંઠા વિસ્તારમાં આવેલાં 50થી વધારે ગામો તેમંજ દરિયામાં થતી તમામ ગતિવિધિઓ પણ નજર રાખવામાં આવી રહી છે.

**DATE: 19/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી અમિત ઉર્ફે મહેશ વસાવા કરજણના કંડારી ખાતે હોવાની ચોક્કસ માહિતી પોલીસને મળતાં છાપો મારી તેને ઝડપી લેવાયો હતો. આરોપી અગાઉ પ્રોહિબિશનના 13 ગુનામાં ઝડપાઈ ચુક્યો છે અને તેના વિરુદ્ધ પાસા એક્ટ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે અને વધુ વિગતો મેળવી રહી છે.

**DATE: 19/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# પાણેથામાં આંક ફરકનો જુગાર રમતા એક મહિલા સહિત બેની ધરપકડ

**ભરૂચ LCBની કાર્યવાહી, રૂ.11 હજારનો મુદ્દામાલ કબજે**

ભરૂચ, ઝઘડિયાઃ ભરૂચ LCB ટીમે ઉમલ્લાના પાણેથા ગામે રાવણ નગરી ખાતે ચાલતા આંક ફરકનો જુગાર રમતી એક મહિલા સહિત 2 આરોપીને કુલ કિં.રૂ.11 હજારનો મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો, જેમાં ઝડપાયેલા તમામ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

LCB પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ.એમ. રાઠોડ તેમની ટીમ સાથે ઉમલ્લા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન માહિતી મળી હતી કે,



પાણેથા ગામમાં રાવણ નગરીમાં રહેતા નીતલ અક્ષય જયંતી વસાવા

તથા દીપક ઉર્ફે સિલોન બચુ તડવી નીતલના ઘરના ઓટલા પર બેસી ખુલ્લી જગ્યામાં આંક ફરકના આંકડાનો સટ્ટા બેટિંગનો જુગાર રમાડી રહ્યા છે.

બાતમીના આધારે ટીમે પાણેથા ગામે રાવણ નગરી ખાતે આંક ફરકના જુગાર સ્થળે સફળ રેઈડ કરી નીતલ વસાવા, દીપકતડવીને ઝડપી પાડ્યો હતો. તેમની પાસેથી અંગજડતીના રોકડા રૂ.11,290, આંકડાનું સાહિત્ય તથા સાધનો મળી કુલ કિં.રૂ.11,290ના મુદ્દામાલ સાથે એક મહિલા સહિત બે આરોપીને ઝડપી પાડી જુગાર ધારા સંલગ્ન કલમ મુજબ કાર્યવાહી કરી ઉમલ્લા પોલીસમથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# કંબોડિયામાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસ વાહન ચેકિંગમાં હતો. એ સમયે ડેડિયાપાડા તરફથી જીજે ૧૬ ડીજે ૦૭૩૦ નંબરનું મોપેડ લઈ એક ઈસમ આવી રહ્યો હતો, જેને હાથ ઊંચો કરી મોપેડ ઊભું રાખવાનું જણાવતાં પોલીસને ચકમો આપી મોપેડ લઈ ભાગી જતાં તે ફૂલવાડી ચોકડીથી કુંડ જવાના રસ્તે વળી ગયો હતો. જેનો પીછો કરતાં ગાલીબા હાઈસ્કૂલ પાસે ચારેય તરફથી કોર્ડન કરી તેને ઝડપી લઇ નામ પૂછતાં પ્રવીણ પરસોતમ ત્રિકમ વસાવા (રહે., નવી વસાહત, કંબોડિયા) જણાવ્યું હતું. ડીકીની તલાસી લેતાં ઈંગ્લિશ દારૂ રૂ.૩૭૫૦ મળી આવ્યો હતો.

**DATE: 20/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભાડૂઆતની ઓનલાઇન નોંધણી કરાવવા માટે પોલીસ વિભાગે તાકીદ કરી

# 24 કલાકમાં 62 મકાન માલિકો સામે ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં પોલીસ વિભાગ દ્વારા છેલ્લાં 24 કલાકમાં 62 મકાન માલિક વિરૂદ્ધ જાહેરનામા ભંગ સબબની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પોતાના ભાડૂઆતોની નોંધણી નહીં કરનારાઓ સામે ગુના નોંધ્યાં છે.

કોઇ ગુનાઇત કૃત્ય સાથે સંકળાયેલી વ્યક્તિ પંથકમાં મકાન-દૂકાન ભાડે રાખી જિલ્લાની સ્થિતીનો તાગ મેળવે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ખાસ ડ્રાઇવ યોજવામાં આવી છે. ભરૂચ એસઓજી તેમજ વિવિધ પોલીસ સ્ટેશનો થકી સ્થાનિક કક્ષાએ ભાડૂઆત નોંધણી અંગેની તપાસ શરૂ કરી હતી. જેમાં કુલ 62 મકાન માલિકોએ તેમના ભાડૂઆત અંગેની સ્થાનિક પોલીસમાં નોંધણી કરી ન



હોવાનું ધ્યાનમાં આવતાં ટીમે તેમની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે નોંધનિય છે કે, આગામી દશેક દિવસ સુધી પોલીસની કામગીરી જારી રહેશે. જોકે, મકાન માલિક દ્વારા ઓનલાઇન ભાડૂઆતની નોંધણી કરવામાં આવે તેવી તાકીદ પણ કરવામાં આવી છે.

**DATE: 20/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંકલેશ્વરમાં ગેરેજમાં ચાલતા

# દારૂના વેપલાનો પર્દાફાશ, ૨ બૂટલેગરો આબાદ ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે માનસી હોન્ડા શો રૂમની બાજુમાં આવેલ ગેરેજમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે કુખ્યાત બુટલેગર સહીત બે આરોપીની એ ડીવીઝન પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર ઓ.એન.જી.સી.વર્કશોપ સામે માનસી હોન્ડા શો રૂમની બાજુમાં આવેલ ગેરેજની કેબીનમાં કલ્પેશ ઉર્ફે કલ્પો સંજય સોમૈયા વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂના ૨૪ નંગ પાઉચ મળી કુલ ૨૪૦૦નો મુદ્દામાલ કબજે કરી કુખ્યાત બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘી દિલાવરશા દિવાન અને કલ્પેશ સોમૈયાને ઝડપી પાડી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બે આરોપીની એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી

**DATE: 20/10/2024 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વચનામૃત સોસાયટી પાસે બનેલી ઘટનાનો ભેદ ઉકેલાયો

# સુરતના અછોડાતોડોએ અંકલેશ્વરમાં પણ એક વૃદ્ધાને નિશાન બનાવી હતી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત મહિને વચનામૃત સોસાયટી પાસે વૃધ્ધાના ગળામાંથી અછોડો તોડવાની ઘટનામાં અંકલેશ્વર પોલીસે 3 આરોપીનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

28 મીસપ્ટેમ્બરના રોજ વિરાટ નગર ખાતે રહેતા 63 વર્ષીય જસુબેન ડોડીયા ઘરેથી નીકળી વચનામૃત સોસાયટીમાંરહેતા બહેનપણીને મળવા નીકળ્યાં હતાં ત્યારે બાઈક પર આવેલાં યુવાનો



તેમના ગળામાંથી 87 હજારની કિંમતનો અછોડો આંચકી ફરાર થઈ ગયાં હતાં ભરૂચ એલસીબીએ સુરતનારીઢા ધવલ પારેખ, કાન્હુ ચરણ બઘેઈઅને મનીષ સતાણી ને ઝડપી પાડ્યા હતાં. આરોપીઓએ ભરૂચ અને અંકલેશ્વરમાં અછોડા તોડવાના 4 ગુનાની કબુલાત કરી હતી જેમાં વચનામૃત સોસાયટીવાળો ગુનો પણ સામેલ છે. જેથી એ ડિવિઝન પોલીસે ત્રણેય ચોરોનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

અંકલેશ્વર અને ભરૂચમાં ચેઈન સ્નેચિંગના ઉપરાછાપરી 4 બનાવો બનતાં પોલીસ સક્રિય બની હતી. એલસીબીની ટીમે વોચ ગોઠવીને સુરતના રીઢા આરોપીઓને ઝડપી પાડી તેમની આકરી પૂછપરછ કરતાં તેઓ એક પછી એક ગુનાની કબૂલાત કરી રહયાં છે.